# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૦૬/૦૮/૨૦૧૭ થી તા.૧૩/૦૮/૨૦૧૭

## પ્રેસનોટ – (૦૧)

### વિવેકાનંદનગરના નાંદેજ ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય તથા વિ.નગર પોલીસ

તાજેતરમાં ૧૫મી ઓગસ્ટ તથા હિન્દુ પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોય અને ધાર્મિક તહેવારો આવતાં હોય અને જીલ્લામાં નાસતાં ફરતાં તથા પેરોલ જમ્પ આરોપીઓ તેઓના રહેણાક સરનામે તેમજ સંભવિત આશ્રય સ્થાનો ઉપર આવતાં – જતાં હોવાની શક્યતાં હોય અને હાલમાં પેરોલ ફર્લો તથા નાસતાં ફરતાં આરોપીઓ અટક કરવા અંગેની ડ્રાઇવ ચાલુ હોય જે ડ્રાઇવ અનુસંધાને વધુમા વધુ નાસતાં ફરતાં આરોપીઓ અટક કરવા તેમજ આ તહેવાર અનુસંધાને પ્રોહીબીશનની હેરાફેરી તથા ગેર કાયદેસર પ્રવૃતી બાબતે કામગીરી કરવા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ એસ.ઓ.જી. શાખાના પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા એન.એ.રાયમા નાઓને સુચના કરેલ હોય જે આધારે પો.સ.ઇ. વી.એમ.કોલાદરા તથા એસ.ઓ.જી. શાખાના પોલીસના માણસો વિ.નગર પો.સ્ટે. વિસ્તારમાં બારેજડી ખાતે નાસતાં ફરતાં આરોપીઓની વોચ તપાસ કામગીરીમાં હતાં તેમજ વિ.નગર ઇ.પો.ઇન્સ. એમ.વી.પટેલ તથા પોલીસ સ્ટાફ પણ હાજર હોય દરમ્યાન એસ.ઓ.જી. શાખાના પો.કો. નાઓને બાતમી મળેલ કે નાંદેજ ખાતે રહેતાં જયદિપસિંહ રાજેન્દ્રસિંહ ડોડીયા પોતાના ઘરે ઇંગલીશદારૂનો જથ્થો ઉતારેલ છે. જે મળેલ ખાનગી માહિતી આધારે ઉપરોક્ત જગ્યાએ રેઇડ કરતા જુદા જુદા માર્કાની પરપ્રાંતની બનાવટની ૭૫૦ મી.લી.ની ઇંગલીદારૂની બોટલો નંગ – ૯૬ કિ.રૂ.૪૮,000/- તથા હેવર્ડ ૫000 બીયર ટીન નંગ – ૯૬ કિ.રૂ. ૯૬00/- ના મળી કુલ બોટલ તથા બીયર ટીન નંગ – ૧૯૨ કુલ કિ.રૂ.૫૭,૬00/- ના મુદામાલ સાથે આરોપી જયદિપસિંહ રાજેન્દ્રસિંહ ડોડીયા રહે. નાંદેજ તા.દસ્કોઇ જી.અમદાવાદ વાળાને પકડી પાડેલ હોય આરોપી વિરૂધ્ધમાં વિ.નગર પો.સ્ટે. ગુન્હો રજી. કરાવેલ છે.

| | |
|---|---|
| પકડાયેલ આરોપી :- | જયદિપસિંહ રાજેન્દ્રસિંહ ડોડીયા રહે. નાંદેજ તા.દસ્કોઇ જી.અમદાવાદ |
| પકડાયેલ મુદામાલ :- | (૧) એપીસોડ ક્લાસીક વ્હિસ્કી બોટલ નંગ – ૪૮ કિ.રૂ.૨૪,000/-<br>(૨) ચેલ્મસ ફોર્ડ ક્લાસીક વ્હિસ્કી બોટલ નંગ – ૪૮ |

| | |
|---|---|
| | કિ.રૂ.૨૪,૦૦૦/-<br>(૩) હેવર્ડ ૫૦૦૦ સ્ટ્રોંગ બીયર ટીન નંગ – ૯૬ કિ.રૂ.૯૬૦૦/- |

## પ્રેસનોટ – (૦૨)

**વિરમગામ રૂરલના હાંસલપુર ચોકડીથી તુફાન ગાડીમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીને ઝડપી પાડતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય તથા વિરમગામ રૂરલ પોલીસ**

તાજેતરમાં ૧૫મી ઓગસ્ટ તથા હિન્દુ પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોય અને ધાર્મિક તહેવારો આવતાં હોય અને જીલ્લામાં નાસતાં ફરતાં તથા પેરોલ જમ્પ આરોપીઓ તેઓના રહેણાક સરનામે તેમજ સંભવિત આશ્રય સ્થાનો ઉપર આવતાં – જતાં હોવાની શક્યતાં હોય અને હાલમાં પેરોલ ફર્લો તથા નાસતાં ફરતાં આરોપીઓ અટક કરવા અંગેની ડ્રાઇવ ચાલુ હોય જે ડ્રાઇવ અનુસંધાને વધુમા વધુ નાસતાં ફરતાં આરોપીઓ અટક કરવા તેમજ આ તહેવાર અનુસંધાને પ્રોહીબીશનની હેરાફેરી તથા ગેર કાયદેસર પ્રવૃતી બાબતે કામગીરી કરવા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ એસ.ઓ.જી. શાખાના પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા એન.એ.રાયમા નાઓને સુચના કરેલ હોય જે આધારે પો.સ.ઇ. એન.એ.રાયમા તથા એસ.ઓ.જી. શાખાના પોલીસના માણસો વિરમગામ પો.સ્ટે. વિસ્તારમાં નાસતાં ફરતાં આરોપીઓની વોચ તપાસ કામગીરીમાં હતાં દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, એક તુફાન ગાડી નંબર જી.જે.૦૨ એક્સ ૩૮૫૬ માં પરપ્રાંતની બનાવટનો ઇંગલીશદારૂનો જથ્થો ભરી સાણંદથી મોરબી તરફ જનાર છે. જેથી હાંસલપુર ચોકડી નાકાબંધીનુ આયોજન કરી તેમજ વિરમગામ રૂરલ પો.સ્ટે. ના પો.સ.ઇ. કે.એન.ભુકણ તથા પોલીસ સ્ટાફને બોલાવી હકીકતથી વાકેફ કરી હાંસલપુર ચોકડી ઉપર વાહન ચેકીંગ કરતાં હતાં દરમ્યાન ઉપરોક્ત બાતમી હકીકત નંબર વાળી ગાડી આવતાં ટોર્ચથી સાઇડમાં કરવા ઇશારો કરતાં સદર ગાડી ઉભી રાખી પોલીસને જોઇ ચાર ઇસમો ગાડીમાંથી ભાગેલ બે પૈકી બે ઇસમોને પકડી પાડી ગાડીમાં તપાસ કરતાં જુદા જુદા માર્કાની પરપ્રાંતની બનાવટની ૭૫૦ મી.લી.ની ઇંગલીશ દારૂની બોટલો નંગ – ૪૨૪ કિ.રૂ.૧,૨૭,૨૦૦/- તથા તુફાન ગાડી નંબર જી.જે.૦૨ એક્સ ૩૮૫૬ ની કિ.રૂ.૩,૫૦,૦૦૦/- મળી કુલ મુદામાલ કિ.રૂ. ૪,૭૭,૨૦૦/- ના મુદામાલ સાથે આરોપી (૧) જયદિપ કાળુભાઇ મોહનીયા રહે. ગરબડી તા.ધાનપુર જી.દાહોદ (૨) બળવંત સનાભાઇ પસાયા રહે. ડુમકા તા.ધાનપુર

જી.દાહોદ વાળાને પકડી પાડેલ હોય તેમજ અન્ય બે આરોપી નાસી ગયેલ હોય તેઓ વિરૂધ્ધમાં વિરમગામ રૂરલ પો.સ્ટે. ગુન્હો રજી. કરાવેલ છે.

| | |
|---|---|
| પકડાયેલ આરોપી :- | (૧) જયદિપ કાળુભાઇ મોહનીયા રહે. ગરબડી તા.ધાનપુર જી.દાહોદ<br>(૨) બળવંત સનાભાઇ પસાયા રહે. ડુમકા તા.ધાનપુર જી.દાહોદ |
| પકડાયેલ મુદામાલ :- | (૧) કિંગ્સ વ્હિસ્કી બોટલ નંગ – ૩૮૮ કિ.રૂ.૧,૧૬,૪૦૦/-<br>(૨) રોયલ સીલેક્ટ ડીલક્ષ વ્હિસ્કી બોટલ નંગ – ૩૬ કિ.રૂ.૧૦,૮૦૦/-<br>(૩) તુફાન ગાડી નંબર જી.જે.૦૨ એક્સ ૩૮૫૬ કિ.રૂ.૩,૫૦,૦૦૦/- |
| ભાગી ગયેલ આરોપી | (૧) સરદાર કાંતી મોહનીયા રહે. ખલતા તા.ધાનપુર જી.દાહોદ<br>(૨) દિલીપ બીજલા મેડા રહે. ડુમકા તા.ધાનપુર જી.દાહોદ |

## <u>પ્રેસનોટ</u>

### <u>બગોદરા પોલીસ સ્ટેશન દ્વારા મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી</u>

તા.૦૧/૦૮/૨૦૧૭ થી તા.૧૪/૦૮/૨૦૧૭ મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણીના ભાગ રૂપે આજરોજ તા.૧૨/૦૮/૨૦૧૭ મહીલા કાનુની જાગૃતી દિવસ નિમિતે બગોદરા પોલીસ સ્ટેશન ખાતે પો.સ.ઇ શ્રી આર.આઇ.સોલંકી તથા સ્ટાફના માણસોએ મે.પોલીસ અધિક્ષક સાહેબ શ્રી ના માર્ગદર્શન હેઠળ તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબ શ્રી ધોળકા,સર્કલ પો.ઇન્સ સાહેબ શ્રી ધોળકા,તાલુકા પંચાયતના મહીલા ડેલીગેટ, બગોદરા ગ્રામ પંચાયતના મહીલા સરપંચ તથા સ્થાનિક આગેવાનો નાઓની હાજરીમાં બગોદરા પે.સેન્ટર શાળા તથા કે.જી.બી.શાળા બગોદરા તથા શિવમ વિધાયલ બગોદરા ના આચાર્યો તથા શિક્ષકગણો ના સહયોગથી તમામ શાળાના આશરે ૨૦૦ જેટલા વિધાર્થીઓ તેમજ ગામના આગેવાનો બગોદરા પ્રાથમિક શાળાથી બગોદરા ગામમાં થઇ બગોદરા પોલીસ સ્ટેશન સુધી રેલીનું આયોજન કરેલ ત્યારબાદ બગોદરા પોલીસ સ્ટેશન ખાતે રાખેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પધારેલ જેમાં અલગ અલગ સ્કુલોના વિધાર્થિઓ ધ્વારા મહીલા સશકિતકરણ તેમજ મહીલા કાનુની જાગૃતીના મુદાઓ ઉપર કાર્યક્રમ કરેલ જેમાં બેટી બચાવો બેટી પઢાવો, સ્ત્રી ભુણહત્યા, મહીલા વિકાસ વિગેરે જેવા મુદાઓ ઉપર પ્રકાશ પાડવામાં આવેલ ત્યારબાદ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ શ્રી ધોળકા,સર્કલ પો.ઇન્સ સાહેબ શ્રી ધોળકા,તાલુકા પંચાયતના મહીલા ડેલીગેટ, બગોદરા ગ્રામ પંચાયતના મહીલા સરપંચ તથા સ્થાનિક આગેવાનોના હસ્તે વિધાર્થિઓને પ્રોત્સાહન રૂપે નોટબુક,પેન,બિસ્કીટ વિ.નુ વિતરણ કરવામાં આવેલ ત્યારબાદ સ્કુલના આચાર્યો તથા શિક્ષકગણો એ પોલીસ સ્ટેશન ની મુલાકાત લિધેલ જેમા પો.સ.ઇ.શ્રી બગોદરા નાઓએ સ્કુલના આચાર્યો તથા શિક્ષકગણો ને પોલીસ સ્ટેશનની કામગીરી થી માહીતગાર કરેલ તેમજ બગોદરા પોલીસ સ્ટેશન ધ્વારા સશસ્ત્ર પ્રદર્શન નું આયોજન કરી વિધાર્થીઓને સશસ્ત્રો વિશે માહીતગાર કરી ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ કરવામા આવેલ.





Edit

## પ્રેસનોટ

**ચોરીનુ સુઝુકી એસેસ (ટુ વ્હીલર) સાથે ચોર ઇસમોને ઝડપી વેરાવળ સીટી પો સ્ટે નો વાહન ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી બગોદરા પોલીસ**

વાહન ચોરીના બનતા ગુનાઓ અટકાવવા અન્વયે **જીલ્લા પોલીસ વડા શ્રી આર.વી. અસારી સાહેબની** સુચના અને માર્ગદર્શન હેઠળ બગોદરા પોલીસ સ્ટેશનના પો સબ ઇન્સ આર આઇ સોલંકી તથા તેમની ટીમે વાહન ચેકીંગ દરમ્યાન એક નંબર વગરની સુઝુકી એસેસ ટુ વ્હીલર આવતા ગાડીના રજીસ્ટેશન કે માલીકી અંગેના કાગળો માગતા નહી હોવાનુ જણાવતા સદર શંકાસ્પદ ટુ વ્હીલર એન્જીન નબર AF 21 1380674 તથા ચેસીચ નંબર જોતા MB 8DP11AGH8487957 નો જણાઇ આવતા તેની કીમત રૂ ૫૦,૦૦૦/- ગણી આરોપી (૧) સાકીર સલીમ ચૌહાણ (૨) રીયાઝ રસુલ બગદાદી (૩) સાઇદ .ઉર્ફે યાસીન સતાર જોબના ત્રણે રહે- વેરાવળ દીવાનીયા કોલોની વાળાઓને સી આર પી સી કલમ ૪૧(૧)ડી મુજબ તા-૧૧/૦૮/૨૦૧૭ ના ક ૧૮/૦૦ વાગે અટક કરી સદર મુદામાલ સી આર પી સી ૧૦૨ મુજબ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે

સદર પકડાયેલ ટુ વ્હીલર બાબતે ઘનિષ્ટ તપાસ કરી વિગત મેળવતા સદર ટુ વ્હીલર વેરાવળ સીટી પોસ્ટે જી. ગીર સોમનાથ ના ફ.ગુ.ર.નં ૫૫/૨૦૧૭ મા ચોરીમા ગયેલ તે હોવાનુ જણાતા સદર ગુનો ડીટેક કરી આરોપી તથા મુદ્દામાલ વેરાવળ સીટી પોસ્ટે ને સોપવા તજવિજ કરવામા આવેલ



Mobile View Tools

આમ અમદાવાદ જીલ્લા એસ.ઓ.જી..તથા બગોદરા પોલીસ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ